# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
## યુવક કલ્યાણ વિભાગ
## DEPARTMENT OF YOUTH WELFARE

GUJARAT UNIVERSITY
Estd. 1949


યુ.ક નં./ ૦૨૫ /૨૦૨૪ તા: ૨૭/૦૮/૨૦૨૪

**પરિપત્રઃ**

**વિષયઃ યુવક મહોત્સવની ઈવેન્ટોના માર્ગદર્શન માટેના વર્કશોપ અંગે.**

**સંદર્ભઃ અત્રેના કાર્યાલયના પત્રાંક યુ. ક. નં./૨૦/૨૦૨૪ તા. ૦૫-૦૮-૨૦૨૪**

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી/વડાશ્રી,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને યુવક મહોત્સવની ઈવેન્ટોના નિયમોથી સુજ્જ કરવાના હેતુથી યુવક મહોત્સવની ઈવેન્ટોના માર્ગદર્શન માટેના વર્કશોપનું તા. ૨૮-૦૮-૨૦૨૪ થી તા. ૨૯-૦૮-૨૦૨૪ દરમ્યાન આયોજન કરવામાં આવેલ હતું જે વરસાદી વાતાવરણ (હવામાન) ને કારણે તા. ૦૨-૦૯-૨૦૨૪ થી તા. ૦૩-૦૯-૨૦૨૪ દરમ્યાન નીચે દર્શાવેલ કાર્યક્રમ મુજબ આયોજન કરવામાં આવેલ છે.

## વર્કશોપનો કાર્યક્રમ

| તારીખ | સમય | ઈવેન્ટ | સ્થળ |
|---|---|---|---|
| ૦૨-૦૯-૨૦૨૪ | ૦૯-૦૦ થી ૧૨-૦૦ | થીએટર | કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટ હોલ, કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટ, સ્કુલ ઓફ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ |
| | ૦૧-૦૦ થી ૦૨-૦૦ | ડાન્સ | |
| | ૦૩-૦૦ થી ૦૬-૦૦ | મ્યુઝીક | |
| ૦૩-૦૯-૨૦૨૪ | ૦૯-૦૦ થી ૧૧-૦૦ | લીટરરી | |
| | ૧૨-૦૦ થી ૦૧-૩૦ | યુથ ફેસ્ટીવલ ડોક્યુમેન્ટરી અને શોર્ટ ફિલ્મ | |
| | ૦૨-૩૦ થી ૦૫-૦૦ | ફાઈન આર્ટસ | |

વર્કશોપમાં ઉપરોક્ત સંદર્ભમાં દર્શાવેલ પત્રાંકમાં જણાવ્યા મુજબ જે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ હશે તેવા વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકશે. તદ્ઉપરાંત જે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ છે પરંતુ તેની વિગતની આચાર્યશ્રીના સહિ-સિક્કા સાથેની હાર્ડ કોપી અત્રે જમા કરાવેલ નથી તેવા વિદ્યાર્થીઓએ વર્કશોપના દિવસે આચાર્યશ્રીના સહિ-સિક્કા સાથેની હાર્ડ કોપી જમા કરાવવાની રહેશે, અન્યથા ભાગ લઈ શકશે નહી તેની ખાસ તકેદારી રાખવી. વર્કશોપમાં વિદ્યાર્થીઓએ કોલેજનું ID CARD સાથે લઈને આવવાનું રહેશે. કોલેજના ID CARD વગર પ્રવેશ મળી શકશે નહી.

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.